ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



રૂ. ૨૧૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા બ્રિજનું લોડ ટેસ્ટિંગ પૂર્ણ, ઓગસ્ટના અંતમાં વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા

## ગંભીરા બ્રિજનું નિર્માણ પૂર્ણ, હવે લોડ ટેસ્ટિંગ બાદ ખુલવાનો માર્ગ મોકળો

**માર્ગ-મકાન** વિભાગની હાજરીમાં બ્રિજનું લોડ ટેસ્ટિંગ હાથ ધરાયું

(પ્રતિનિધિ) પાદરા, તા. 19

મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતો અને વડોદરા જિલ્લાને આણંદ જિલ્લા સાથે જોડતો મહત્વના માર્ગ તરીકે ઉભરી રહેલા ગંભીરા બ્રિજનું નિર્માણ કાર્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા અગાઉ નક્કી કરાયેલી ૧૨ માસની સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. અંદાજે રૂ. ૨૧૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ મહત્વપૂર્ણ બ્રિજનું નિર્માણ કાર્ય ઝડપી ગતિએ પૂર્ણ થતાં વાહનચાલકોમાં પણ આશા જાગી છે. છેલ્લા ઘણા સમયથી બ્રિજને વહેલી તકે શરૂ કરવાની ઉઠી રહેલી લોકમાંગ વચ્ચે હવે બ્રિજ પર જરૂરી ટેસ્ટિંગની કામગીરી પણ આગળ વધી છે.

ગંભીરા બ્રિજ પર માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ નિર્માણ કાર્ય સાથે સંકળાયેલી ડેવલોપર્સ કંપનીના અધિકારીઓની હાજરીમાં લોડ ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બ્રિજની ક્ષમતા, મજબૂતી અને સલામતીના વિવિધ પાસાઓની ચકાસણી માટે જરૂરી પરીક્ષણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ટેસ્ટિંગ સહિતની નિયત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ટ્રાફિક નિયમો અને સલામતીને લગતા જરૂરી



બેનરો તથા વ્યવસ્થાઓ પૂર્ણ કરી બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવશે.

ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ગંભીરા-મુજપુર બ્રિજનું નિર્માણ કાર્ય ખૂબ જ ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું છે અને હાલમાં બ્રિજનું જરૂરી ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. આ બ્રિજ વહેલી તકે બને તે માટે અમારી તરફથી સતત રજૂઆતો કરવામાં આવી હતી. ગુજરાત સરકારની પણ આ પ્રોજેક્ટને પ્રાથમિકતા હોવાથી મુખ્યમંત્રીની દેખરેખ હેઠળ નિયત સમયમર્યાદા કરતાં પણ ઝડપી ગતિએ બ્રિજનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટેસ્ટિંગની કામગીરી પૂર્ણ થયા બાદ નિયત પ્રક્રિયા મુજબ બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવશે. ગંભીરા બ્રિજ શરૂ થતાં વડોદરા અને આણંદ બંને જિલ્લાઓ ઉપરાંત સૌરાષ્ટ્ર તરફ જતા વાહનોને મોટી સુવિધા મળશે અને અવરજવરમાં નોંધપાત્ર સરળતા રહેશે. બંને જિલ્લાઓ તથા સૌરાષ્ટ્ર વચ્ચે વેપાર-ધંધો, ખેતી, શિક્ષણ અને વિવિધ કંપનીઓમાં રોજિંદી ધોરણે મોટા પ્રમાણમાં લોકો અને વાહનોની અવરજવર થાય છે.

### આધુનિક ટેક્નોલોજીથી બ્રિજને વધુ મજબૂત અને ટકાઉ બનાવાયો

ગંભીરા બ્રિજના નિર્માણમાં આધુનિક બાંધકામ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બ્રિજના સ્ટીલના વિવિધ ભાગોમાં ઈપોક્સી કોટિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી લાંબા ગાળે કાટ લાગવાની શક્યતા ઘટાડવામાં આવી છે. તેના કારણે બ્રિજની મજબૂતી, ટકાઉપણું અને આયુષ્યમાં વધારો થવાની અપેક્ષા છે. બ્રિજના નિર્માણ કાર્યને ઝડપથી પૂર્ણ કરવા માટે પ્રિકાસ્ટ એલિમેન્ટ્સનો પણ મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો છે. આધુનિક બાંધકામ પદ્ધતિના મહત્વપૂર્ણ ભાગ એવા પ્રિકાસ્ટ એલિમેન્ટના ઉપયોગથી સમય બચાવવા ઉપરાંત બાંધકામની ગુણવત્તા જાળવવામાં પણ મદદ મળી છે.

### દિવસ-રાત 300 જેટલા શ્રમિકોની મહેનત

ગંભીરા બ્રિજના નિર્માણ દરમિયાન સરેરાશ 300 જેટલા શ્રમિકો દ્વારા દિવસ-રાત કામગીરી કરવામાં આવી હતી. પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ આયોજનબદ્ધ રીતે કામગીરી આગળ ધપાવવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓના માર્ગદર્શન, નિર્માણ એજન્સીના કર્મચારીઓ તથા શ્રમિકોની સતત મહેનત અને આધુનિક ટેક્નોલોજીના સુઆયોજિત ઉપયોગના પરિણામે બ્રિજનું નિર્માણ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં સફળતા મળી છે.

---

ગામોમાં નવા તલાટીઓની નિમણૂકથી ગ્રામજનોમાં ઉત્સુકતા

## બોડેલી તાલુકામાં ૧૫ તલાટી-કમ-મંત્રીઓની એકસાથે બદલી

**વહીવટી** કારણોસર અચાનક બદલી થતાં તલાટી મંડળમાં સોંપો

(પ્રતિનિધિ) બોડેલી, તા.19

બોડેલી તાલુકામાં વહીવટી કારણોસર એકસાથે 15 તલાટી-કમ-મંત્રીઓની અચાનક બદલી કરવામાં આવતા તાલુકાના વહીવટી તંત્રમાં સોંપો પડી ગયો છે. લાંબા સમયથી વિવિધ ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવી રહેલા તલાટીઓની સામૂહિક બદલી થતાં કર્મચારી વર્ગમાં પણ ભારે ચર્ચા જોવા મળી રહી છે. એકસાથે મોટી સંખ્યામાં તલાટીઓની બદલી થતાં હવે કયા ગામમાં કોને જવાબદારી સોંપવામાં આવી છે તેને લઈને પણ ગ્રામજનોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

(૧)સ્મિતાબેન પટેલ હાલની જગ્યાઃ મોટીબુમડી-૧, બદલીવાળી જગ્યાઃ અલ્હાદપુરા (૨) હાલ કેયુરજી ચૌધરી અલ્હાદપુરા બદલી મોટાકાંટવા (૩) સુંનદા બેન વેચાતભાઈ પરમાર હાલ કડછલા બદલી મોટીબૂમડી1 (૪) હાલની જગ્યા અભિષેક જી મોદી નડવાટ કવાંટ બદલી જગ્યા ચિખોદરા બોડેલી (૫) નિલેશભાઈ એમ રાઠવા હાલ ની જગ્યા કદવાલ (બદલી જગ્યા છત્રાલી બોડેલી (૬) હાલની જગ્યા પર્વતભાઈ ડી રાઠવા બાર કદવાલ (બદલી ની જગ્યા વાલોઠી બોડેલી (૭)(રતિલાલ સોનાભાઈ બારીયા હાલની જગ્યા વાલોઠી બોડેલી બદલીની જગ્યા બાર કદવાલ (૮) બી ડી રાઠવા પાણેજ બોડેલી બદલી ની જગ્યા વાજપુર બોડેલી (૯) પ્રદીપસિંહ ડી સોલંકી હાલની જગ્યા નવાલ જા કવાંટ બદલી ની જગ્યા રાજ બોડેલી (૧૦) સંદીપ રાઠવા હાલની જગ્યા મોરખાલા બોડેલી, બદલી ની જગ્યા ભાટપૂર સંખેડા (૧૧) હાલ ની સુધા વી બારૈયા ઘેલપુર બોડેલી બદલી મો રખલા બોડેલી (૧૨) પ્રભાત બી બારીયા હાલની જગ્યા મોટાકાંટવા બદલી મુલધર બોડેલી (૧૩) વૈભવી કુમાર એમ રાઠોડ હાલની જગ્યા મોટીબુમડી બદલી જગ્યા ઘેલપુર બોડેલી (૧૪) મનિષાબેન રાઠવા હાલની જગ્યા મુલધર બોડેલી બદલી જગ્યા મોટી બુમડી ૨ (૧૫) ગૌરાંગ કુમાર આર પરીખ હાલની જગ્યા કંટેશ્વર બદલી જગ્યા પાણેજ બોડેલી.

## જબુગામ બજારમાંથી પસાર થતાં હાઈવ પર ખાડા રાજ

**મોટા** ખાડાથી દુકાનદારો-વાહનચાલકો પરેશાન, અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) બોડેલી, તા. 19

બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલા મુખ્ય બજાર વિસ્તારમાં ફરી એકવાર રોડ બેસી જતાં મોટા ખાડાઓ પડી ગયા છે. વારંવાર એક જ સ્થળે રોડ બેસી જવાની સમસ્યાથી સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. રોડ પર પડેલા મોટા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જતાં પસાર થતાં વાહનોના કારણે ગંદુ પાણી ઉછળી આસપાસની દુકાનો સુધી પહોંચે છે. જેના કારણે દુકાનદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને વેપાર-ધંધા પર પણ તેની નકારાત્મક અસર પડી રહી છે. જ્યારે ખાડા એટલા મોટા



પડીગયા છે કે જાણે અકસ્માત ને આમંત્રણ આપતું હોય એવુ લાગી રહ્યું છે છતાં તંત્ર મૌન ધારણ કરી બેઠું છે

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર-56ની વિવિધ સમસ્યાઓ છેલ્લા ઘણા સમયથી ચર્ચાનો વિષય બની રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી સિહોદ-ભારજ નદીના ડાયવર્ઝનનો પ્રશ્ન હોય, બ્રિજોની જર્જરિત હાલત હોય કે બોડેલી-જબુગામ વચ્ચે રાધે કૃષ્ણ રેતીના સ્ટોક પાસે અધૂરા રોડનું કામ હોય, અનેક મુદ્દાઓને લઈને NH-56ના અધિકારીઓ સામે સવાલો ઊભા થઈ રહ્યા છે.

તાત્કાલિક સમારકામ અને નવેસરથી ડામર કામ કરવાની સ્થાનિકોની માંગ

## રણભુન-બુમડી-શિથોલ માર્ગ બન્યો બિસમાર, કાદવમાં વાહનો ફસાતાં રોષ

(પ્રતિનિધિ) બોડેલી, તા.19

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રણભુન પાટીયાથી શિથોલ તરફ જતો મુખ્ય માર્ગ હાલ બદથી બદતર હાલતમાં ફેરવાયો છે. માર્ગ પરથી ડામરનું નામોનિશાન ગાયબ થઈ જતાં ઠેર-ઠેર મોટા ખાડા અને ઊંડા ચીલા પડી ગયા છે. વરસાદી માહોલમાં માર્ગ પર કાદવનું સામ્રાજ્ય છવાતા વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે.

રણભુન પાટીયા-શિથોલ માર્ગ પર સર્જાયેલી દયનીય સ્થિતિના કારણે ભારે વાહનો પણ કાદવ અને ઊંડા ચીલામાં ફસાઈ રહ્યા છે. તસવીરમાં ટ્રક કાદવભર્યા માર્ગ પરથી પસાર થવા માટે સંઘર્ષ



કરતો નજરે પડે છે. જેના પગલે વાહનચાલકોમાં અકસ્માતનો ભય પણ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ માર્ગ પર દરરોજ નાના-મોટા વાહનોની અવરજવર રહે છે. ખાસ કરીને વરસાદ દરમિયાન રસ્તાની સ્થિતિ વધુ કથળતી હોવાથી બે પૈડાંવાળા વાહનચાલકો માટે પણ આ માર્ગ પરથી પસાર થવું જોખમી બન્યું છે. માર્ગની જાળવણીના અભાવે લાંબા સમયથી સમસ્યા યથાવત હોવા છતાં કાયમી સમારકામ ન થતાં સ્થાનિકોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ તંત્ર સમક્ષ તાત્કાલિક માર્ગનું નિરીક્ષણ કરાવી ખાડા-ચીલાઓનું સમારકામ કરવાની સાથે સમગ્ર માર્ગ પર નવેસરથી ડામર કામ કરી માર્ગને વાહનચાલકો માટે સુરક્ષિત બનાવવાની માંગ કરી છે. આ માર્ગ પર થી રેતી ના ભારે ઓવરલોડ વાહનો પર રોક લગાવવા રણભૂન જુથ ગ્રામ પંચાયત, મોટી બુમડી ગ્રામ પંચાયત, અને ગોગડીયા તેમજ આસ પાસ ના પંચાયતના સરપંચો દ્વારા પ્રાંત અધિકારીને રેતી તેમજ ઓવરલોડ વાહનો ઉપર પ્રતિબંધ લગાવવામાં પત્ર લખી રજૂઆત કરાઈ હતી.

---

## વાવડી ગામે વૃદ્ધ દંપતી પર હુમલો, મહિલાની હત્યા; પતિની હાલત ગંભીર

**કરાલી** પોલીસ ઘટનાસ્થળે પહોંચી, હુમલાખોરોની શોધખોળ શરૂ

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા. 19

છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના વાવડી ગામે ખેતરમાં રહેતા વૃદ્ધ દંપતી પર રાત્રિના સમયે અજાણ્યા ઈસમોએ હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. હુમલામાં મહિલાનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે તેમના પતિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વાવડી ગામની સીમમાં ખેતરમાં રાઠવા કાંગુભાઈ સોમાભાઈ પોતાની



પત્ની સાથે છેલ્લા ઘણા વર્ષોથી રહેતા હતા. દરમિયાન રાત્રિના સમયે અજાણ્યા ઈસમોએ વૃદ્ધ દંપતી પર હુમલો કર્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, હુમલો લૂંટના ઈરાદે કરવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હુમલામાં કાંગુભાઈની પત્નીને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે કાંગુભાઈ રાઠવા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત કાંગુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## મસ્જિદમાં લાઈટિંગનું કામ કરતી વખતે વીજ કરંટ લાગતાં યુવકનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા. 19

પાદરા તાલુકાના વડુ ગામના અંધારીપુરા-સુકાઆંબા વિસ્તારમાં ઈદે મિલાદના તહેવારને લઈને મસ્જિદમાં શણગાર માટે લાઈટિંગનું કામ કરતી વખતે વીજ કરંટ લાગતાં 20 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, અંધારીપુરા-સુકાઆંબા વિસ્તારમાં આવેલી મસ્જિદે ફૈજે રસુલ મસ્જિદને ઈદે મિલાદના તહેવાર નિમિત્તે શણગારવા માટે લાઈટિંગનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન તા. 18 ઓગસ્ટના રોજ સવારે આશરે સાડા નવ વાગ્યા દરમ્યાન અયાજ ગયાસુદીન સિંધા (ઉં.વ. 20, રહે. અંધારીપુરા, સુકાઆંબા વિસ્તાર, વારદા તલાવડી)ને અચાનક વીજ કરંટ લાગ્યો હતો. જોકે ફરજ પરના તબીબે તા. 18 ઓગસ્ટના રોજ સવારે 9:45 વાગ્યે તેને મૃત જાહેર કર્યો હતો.

## ફેસબુક પર મિત્રતા કેળવી રૂ. ૭ લાખ પડાવનાર આરોપી સિદ્ધપુરથી ઝડપાયો

**ફ્રેન્ડ** રિક્વેસ્ટ મોકલી વિશ્વાસમાં લઈ અલગ-અલગ રીતે રૂપિયા પડાવ્યા

(પ્રતિનિધિ) શિનોર, તા. 19

શિનોર પોલીસે ઓપરેશન પરાક્રમ હેઠળ છેલ્લા આઠ મહિનાથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપીએ ફરિયાદીને ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી મિત્રતા કેળવી હતી અને બાદમાં અલગ-અલગ રીતે વિશ્વાસમાં લઈ ફરિયાદી પાસેથી રૂ. 7 લાખ રૂપિયા પડાવી લીધા હતા. સમગ્ર મામલે શિનોર પોલીસે સિદ્ધપુર ખાતેથી આરોપીની ધરપકડ કરી છે.

વાડોદરા જિલ્લાના શિનોર પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓ સામે ઓપરેશન પરાક્રમ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ



મોકલી ફરિયાદી સાથે મિત્રતા કેળવી રૂ. 700000 લાખ રૂપિયા પડાવી લેનાર આરોપીને શિનોર પોલીસે ઝડપી પાડ્યો છે.

પોલીસ તપાસ મુજબ આરોપી રાકેશભાઈ કોદરભાઈ પટેલે ફરિયાદીને ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. ત્યારબાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ અલગ-અલગ રીતે રૂપિયા મેળવ્યા હતા અને કુલ રૂ. 700,000લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે શિનોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ આરોપી છેલ્લા આઠ મહિનાથી નાસતો ફરતો હતો.

## પાદરાના મતીયાના મંદિરવાળા ફળિયામાં દારૂનો જથ્થો ઝડપાયો, માતા-પુત્ર સામે ગુનો

(પ્રતિનિધિ) પાદરા, તા. 19

પાદરા શહેરના મતીયાના મંદિરવાળા ફળિયામાં પોલીસે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂની 54 બોટલ/ક્વાર્ટરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ.20,597નો મુદ્દામાલ કબજે કરી માતા-પુત્ર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. મળતી માહિતી મુજબ, પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલસીબીની ટીમના મુકેશભાઈ પાંચાભાઈ તથા હરેશભાઈ અમરુભાઈનાઓ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે પાદરાના મતીયાના મંદિરવાળા ફળિયામાં રહેતો પૃથ્વી રીકીનભાઈ પટેલ બહારથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી પોતાના ઘરે સંતાડી રાખે છે અને તેની માતા નયનાબેન રીકીનભાઈ પટેલ દારૂનું છૂટક વેચાણ કરે છે.

## સાવલી પંથકમાં જુગારધામો પર ભાદરવા પોલીસ ત્રાટકી

**બે** દરોડામાં ૧૨ જુગારીઓ ઝડપાયા, રૂ.૯૫,૯૨૦નો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) સાવલી, તા. 19

સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકની હદમાં આવેલ જાલમપુરા ગામે ભાદરવા પોલીસે બાતમીના આધારે જાલમપુરા ગામની સીમમાં દરોડો પાડ્યો હતો જેમાં મનુભાઈ ભોઈના ખેતરના શેઢા પર ખુલ્લી જગ્યામાં હાર જીતનો પાના પત્તાનો જુગાર રમતા કુલ પાંચ ઈસમોને ઝડપી પાડ્યા છે આ દરોડામાં અંગ ઝડતી માં 7800 રૂપિયા તેમજ દાવ પરથી 6800 રૂપિયા તેમજ બે નંગ મોબાઈલ 3500 રૂપિયા તથા એક મોટરસાયકલ 35,000 ની મળી કુલ રૂપિયા 53,100 નો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે (૧) જયદીપભાઈ મનુભાઈ વાળંદ રહે પોઈચા(રા) સુજા ફળિયુ તા સાવલી (૨) વિનુભાઈ ભુપતભાઈ ભોઈ રહે જાલમપુરા પ્રાથમિક શાળા ફળિયું તા સાવલી (૩) જયંતીભાઈ શિવાભાઈ ભોઈ જાલમપુરા આંગણવાડી વાળું ફળિયુ તાસાવલી (૪) ઉર્વેશભાઈ ઈશ્વરભાઈ ભોઈ રહે જાલમપુરા તા સાવલી (૫) જયેશભાઈ સુરેશભાઈ ભોઈ જાલમપુરા તા સાવલી ને ઝડપીને જેલ ભેગા કર્યા છે.

જ્યારે જિલ્લા એલસીબી ની ટીમે વાંકાનેર ગામે ગામેચી વગામાં બાતમીના આધારે દરોડો પાડીને સાત જુગારીઓને જુગાર રમતા ઝડપી પાડ્યા છે તેઓ પાસે દાવ ઉપરથી રૂપિયા 12,520 અને અન ઝડતીમાં 30,300 મળી કુલ 42,820 રૂપિયાનો મુદ્દા માલ કબજે કર્યો છે.

---

## છોટાઉદેપુરમાં શીતળા સાતમની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી

### છોટાઉદેપુર પંથકમાં ગૃહિણીઓ દ્વારા શીતળા માતાની પૂજા કરી



**છોટાઉદેપુર** : શ્રાવણ માસ શરૂ થતાં ધાર્મિક તહેવારોની ઉજવણીમાં લોકોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રાવણ માસના સુદ પાંચમને નાગપંચમી પૂજા, બીજા દિવસે રાધન છઠ્ઠ અને આજરોજ બુધવારે શીતળા સાતમના દિવસે ગૃહિણીઓ, ઓરસંગ નદીમાં ઠંડા પાણીનું સ્નાન કરી ઓરસંગ નદીના કિનારે શીતળા માતાની ગૃહિણીઓ દ્વારા શ્રધ્ધાભેર પૂજા અર્ચના કરી હતી. સમગ્ર ગુજરાતમાં રાધન છઠ અને શીતળા સાતમ શ્રાવણ સુદ પક્ષમાં કરતા હોઈ રાંધણ છઠને દિવસે વિવિધ વાનગીઓ બનાવી બીજે દિવસે શીતળા માતાની પૂજા કરી ઠંડુ ખાવાની માન્યતા છે. જે અનુસાર રાંધણ છઠના દિવસે હિન્દુ માતા બહેનો દ્વારા આખો દિવસ ભોજન બનાવી સાંજના ચૂલા લિપિ અને ઠંડો કરી સ્વસ્તિક કરી, કંકુ ચોખા અર્પણ કરી પૂજા કરી, બીજા દિવસે વહેલી સવારે ગૃહિણીઓ નદીના ઠંડા પાણીમાં સ્નાન કરી નગરના વિવિધ મંદિરોમાં શીતળા માતા શાસ્ત્રો વિધિ મુજબ પૂજા અર્ચના કરી.

### શીતળા સાતમે ચાંદોદના મલ્હારરાવ ઘાટે પૂજા તેમજ સ્નાન માટે ઉમટ્યા શ્રદ્ધાળુઓ



**ચાંદોદ** : શ્રાવણ સુદ સાતમ એટલે શીતળા સપ્તમી. માતાજીના પૂજનનું વિશેષ મહાત્મ્ય ધરાવતા આ પર્વ નિમિત્તે તીર્થક્ષેત્ર ચાંદોદના પ્રસિદ્ધ મલ્હારરાવ ઘાટે વહેલી સવારથી વ્રતધારી મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. શીતળા સાતમના પવિત્ર પર્વે શ્રદ્ધાળુઓએ નર્મદા નદીમાં ઠંડા પાણીથી સ્નાન કરી નદી કિનારે ભૂદેવો દ્વારા માટીમાંથી બનાવવામાં આવેલી શીતળા માતાની પ્રતિમાનું વિધિવત્ પૂજન કર્યું હતું. માતાજીને જળ, દૂધ, પુષ્પ, કુમકુમ, શ્રીફળ તેમજ વિશેષરૂપે લીલા વેલા અર્પણ કરી પરિવારના આરોગ્યની રક્ષા અને મનોકામના પૂર્ણ થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. શીતળા સાતમને 'ટાઢી શીરી' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ઠંડા પાણીથી સ્નાન કરી ઠંડો ખોરાક આરોગવાનો મહિમા હોવાથી ચાંદોદ ઉપરાંત આસપાસના ગામોમાંથી પણ લોકો પરંપરાગત રીતે પૂજન માટે પહોંચ્યા હતા.

### શિનોર પંથકમાં શીતળા સાતમની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી



**શિનોર** : શીતળા સાતમનું ધાર્મિક મહત્વ હોવાથી આ પર્વ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે. ત્યારે શિનોર તાલુકાના માલસર, શિનોર સહિતના ગામોમાં શીતળા સાતમ નિમિત્તે શીતળા માતાજીના મંદિરે મોટી સંખ્યામાં બહેનો પહોંચી હતી. બહેનોએ શીતળા માતાજીની શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી હતી અને માતાજીને પ્રસાદ અર્પણ કર્યો હતો. તેમજ પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય સારું રહે અને ઘરમાં સુખ-શાંતિ જળવાઈ રહે તે માટે માતાજીને પ્રાર્થના કરી હતી. શીતળા સાતમને લઈને મંદિરોમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. સવારે મોટી સંખ્યામાં બહેનો દર્શન અને પૂજા માટે પહોંચતા મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. આમ, શિનોર પંથકમાં શીતળા સાતમની શ્રદ્ધા અને ભક્તિ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ શાંતિપૂર્ણ રીતે દર્શન કરી પ્રસાદનો લાભ લીધો હતો. આમ, શિનોર પંથકમાં શીતળા સાતમની પરંપરા અને ધાર્મિક ભાવના સાથે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

### સંખેડા: ઓરસંગ નદીના કિનારે ગૃહિણીઓ દ્વારા શીતળા સાતમની ભક્તિભાવપૂર્વક ઉજવણી



**સંખેડા** : સંખેડા પંથક*માં ધાર્મિક તહેવારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રાવણ સુદ પાંચમે નાગપંચમી અને બીજા દિવસે રાંધણ છઠની ઉજવણી બાદ આજે શીતળા સાતમ ના દિવસે ગૃહિણીઓએ ભક્તિભાવ સાથે વ્રત કર્યું હતું. ઓરસંગ નદીમાં સામૂહિક સ્નાન અને પૂજન આજે વહેલી સવારે સંખેડાની સંખ્યાબંધ ગૃહિણીઓ ઓરસંગ નદી ના ઠંડા પાણીમાં સ્નાન કરવા પહોંચી હતી. સ્નાન બાદ નદી કિનારે આવેલા શીતળા માતાના મંદિરોમાં પૂજા-અર્ચના કરીને પરિવારની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ગૃહિણીઓએ ગઈકાલે રાંધણ છઠના દિવસે જમવા માટે વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને ઠંડી કરી હતી. આજે શીતળા સાતમના દિવસે તે જ ઠંડુ ભોજન પ્રસાદ તરીકે ગ્રહણ કરવામાં આવ્યું હતું. શીતળા સાતમનું મહત્વ હિન્દુ માન્યતા અનુસાર શીતળા સાતમના દિવસે ચૂલો સળગાવવામાં આવતો નથી. રાંધણ છઠના દિવસે બનાવેલા ઠંડા ભોજનને જ પ્રસાદ તરીકે ખાવાની પરંપરા છે.